# ઉત્તર ગુજરાત-સૌરાષ્ટ્રમાં મધ્યમથી ભારે વરસાદ

## ધોરાજીમાં ભારે વરસાદને પગલે બેથી ચાર ફુટ પાણી ભરાયા : રાજકોટ-ધોરાજીમાં સૌથી વધુ વરસાદ નોંધાયો : ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર પંથકમાં ખુશીનો માહોલ : ભારે વરસાદના પગલે જનજીવન પર પણ અસર

અમદાવાદ, ૮

અમદાવાદ શહેર સહિત રાજયભરમાં આજે છૂટોછવાયો વરસાદ નોંધાયો હતો. જેમાં રાજકોટ-ધોરાજી પંથકના વિસ્તારોમાં સૌથી વધુ અને ભારે વરસાદ નોંધાયો હતો. રાજકોટ-ધોરાજીના વિસ્તારોમાં ભારે વરસાદને પગલે માર્ગો દેખાતા બંધ થયા હતા અને રસ્તાઓ પર જાણી મીની નદીઓ જેવો માહોલ સર્જાયો હતો. કેટલાક વિસ્તારોમાં તો બેથી ચાર ફુટ સુધીના પાણી ભરાઇ જતા વાહનચાલકોને હાલાકી પડી હતી. બીજીબાજુ, આગામી તા.૧૩થી ૧૭ જૂલાઇ દરમ્યાન રાજયના વિવિધ વિસ્તારોમાં સારો કહી શકાય એવો વરસાદ પડવાની આગાહી હવામાન ખાતા દ્વારા કરવામાં આવી છે. બે-ત્રણ દિવસના વિરામ બાદ અમદાવાદ

શહેર સહિત રાજયભરમાં આજે હળવાથી ભારે વરસાદના છૂટાછવાયા ઝાપટા નોંધાયા હતા. ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર પંથકના વિસ્તારોમાં આજે તોય સારો એવો વરસાદ પડયો હતો, જેના કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઇ હતી અને લોકોએ ગરમીથી છૂટકારો મેળવ્યો હતો. રાજયમાં આજે સૌથી વધુ વરસાદ રાજકોટ-ધોરાજી પંથકના વિસ્તારોમાં ખાબકયો હતો. ભારેથી અતિભારે વરસાદને કારણે રાજકોટના શાપરા, ધોરાજી સહિતના પંથક અને વિસ્તારોમાં ઠેર-ઠેર વરસાદી પાણી ભરાઇ ગયા હતા. વરસાદી પાણીમાં માર્ગો ઢંકાઇ ગયા હતા અને જુદા જુદા વિસ્તારોમાં બેથી ચાર ફુટ સુધીના પાણી ભરાઇ ગયા હતા. તો બીજીબાજુ, આજી ડેમમાં નવા નીરની આવક થઇ હતી. તો આણંદ પંથકમાં પણ લગભગ એક સપ્તાહના વિરામ બાદ આજે મેઘરાજાએ ફરી એન્ટ્રી મારી હતી. ઠંડો પવન ફુંકાવાની સાથે આજે જોરદાર વરસાદ વરસતાં સ્થાનિક નાગરિકો ખુશ થઇ હતા અને ઠંડકનો અનુભવ કર્યો હતો. વલસાડ-વાપી અને ભરૂચ પંથકના વિસ્તારોમાં પણ આજે સારો એવો વરસાદ નોંધાયો હતો. જેના કારણે આ પંથકોમાં પણ વરસાદી ઠંડકનો માહોલ છવાયો હતો. રાજયના ઘણાખરા વિસ્તારોમાં આજે લગભગ એકાદ સપ્તાહ બાદ વરસાદી માહોલ સર્જાતાં ખેડૂતોએ પણ ખુશીની લાગણી વ્યકત કરી હતી કારણ કે, તેમના પાકને વરસાદી એન્ટ્રીથી જીવતદાન મળી ગયું હતું.

રાજયમાં આશરે ૨૫ લાખ હેકટર કરતાં વધુ જમીનમાં વાવણી થઇ ગઇ છે. દરમ્યાન હવામાનખાતાની આગાહી પ્રમાણે, આગામી તા.૧૩થી ૧૭ જૂલાઇ દરમ્યાન રાજયભરના વિવિધ વિસ્તારોમાં સારો કહી શકાય એવો વરસાદ પડી શકે છે. જેથી આ દિવસો દરમ્યાન રાજયના જુદા જુદા વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદનું જોર જોવા મળી શકે. અત્યારસુધીમાં રાજયભરમાં સીઝનનો ૩૦ ટકા વરસાદ વરસી ગયો છે. જે ઘણો સારો મનાય છે. ઘણા વિસ્તારમાં વરસાદના કારણે જનજીવન ઉપર પણ અસર થઇ હતી.



જીએસટીના વિરોધમાં રેલી : સુરતમાં ટેક્ષટાઈલના વેપારીઓ દ્વારા શનિવારે સવારે નીકળેલી જંગી રેલીમાં હજારો વેપારીઓ જોડાયા હતા. જીએસટીમાં સુધારાની માંગ સાથે નીકળેલી રેલીએ ચર્ચા જગાવી હતી.

# રાજકોટ નાગરિક સહકારી બેન્કની ગાંધીનગર શાખામાં ગ્રાહક મિલન સમારોહ યોજાયો



ગાંધીનગર, તા. ૮

રાજકોટ નાગરિક સહકારી બેન્ક લિ.ની ગાંધીનગર શાખામાં તાજેતરમાં ગ્રાહક મિલન સમારોહ યોજાયો હતો.

જીવણભાઈ પટેલે અધ્યક્ષસ્થાનેથી પ્રાસંગિક પ્રવચન આપતા જણાવ્યું હતું કે 'આપણી બેન્ક પોલીસીથી ચાલે છે. બેન્ક દ્વારા રૂ. ૫૦ હજાર સુધીની લોનમાં ભરેલુ વ્યાજ પરત આપવામાં આવે છે. બેન્ક દ્વારા અનેક સંસ્થાઓને સહકાર અને આર્થિક સહયોગ આપવામાં આવે છે.'

કમલકિશોરજી જૈને પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવેલું હતું કે, 'કોઈપણ બેન્કને પ્રગતિ કરવી હોય તો પ્રથમ પરિમાણ તેનો ગ્રાહક તેનાથી કેટલો સંતુષ્ઠ છે તે કહી શકાય. ગ્રાહક અને બેન્ક વચ્ચે અતૂટ વિશ્વાસ હોવો જોઈએ.'

ગાંધીનગર શાખાના પ્રભારી ડિરેક્ટર નરેશભાઈ કેલાએ જણાવ્યું હતું કે અમારી બેન્કનો મોટો ધ્યેય કે નાના માણસોની મોટી બેન્ક છે. નાના માણસને ધિરાણ આપવા માટે અમો સતત ચિંતિત છીએ.

બેંકના જનરલ મેનેજર હરકિશનભાઈ ભટ્ટે વિસ્તૃત માહિતી આપતાં જણાવ્યું હતું કે, રાજકોટ નાગરિક સહકારી બેન્ક લિ.નો આ ગાંધીનગર પરિવાર છે.

આ સમારોહમાં જીવણભાઈ પટેલ (વાઈસ ચેરમેન), ડાહ્યાભાઈ ડેલાવાળા (પ્રભારી ડિરેક્ટર), નરેશભાઈ કેલા (પ્રભારી ડિરેક્ટર), હરકિશનભાઈ ભટ્ટ (જનરલ મેનેજર-સીઈઓ), અતિથિ વિશેષ તરીકે પ્રવિણભાઈ પટેલ (મેયર-ગાંધીનગર મહાનગરપાલિકા) અને કમલકિશોરજી જૈન (ડિરેક્ટર, કલ્પતરૂ પાવર ટ્રાન્સમીશન) ઉપરાંત શાખા વિકાસ સમિતિમાંથી નીતિનભાઈ પટેલ (સહ-કન્વીનર), હિતેષભાઈ પંડ્યા, પંકજભાઈ ચુડાસમા, દિપકભાઈ પ્રજાપતિ, રજનીકાંત રાયચુરા (એ.જી.એમ.-બેન્કિંગ), કિશોરભાઈ મુંગલપરા (સ્ટાફ રિલેશન અધિકારી), નિલેશભાઈ શાહ (મેનેજર), ઉમેદભાઈ જાની (પ્રમુખ-જાગૃત કર્મચારી મંડળ), જયંતભાઈ રાવલ (પ્રભારી-જે.કે.એમ.), હેમાંગભાઈ ઢેબર (ડી.સી.એમ.), સુધીરભાઈ ત્રિવેદી (મેનેજર), પંકજભાઈ વસાણી (મેનેજર-નવરંગપુરા-અમદાવાદ શાખા), આમંત્રિત મહેમાનો, નાગરિક પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.

આ તકે બેન્કના ચેરમેન નલિનભાઈ વસાએ શુભેચ્છા સંદેશ પાઠવ્યો હતો. ઉપસ્થિત મહાનુભાવોનો વિસ્તૃત પરિચય હિતેષભાઈ પંડ્યાએ આપેલો. આભારદર્શન નીતિનભાઈ પટેલે કર્યુ હતું. કાર્યક્રમનું સંચાલન પ્રિયંકાબેન જોષીએ કરેલુ.

# અરવલ્લીમાં હાઈરાઈઝ બિલ્ડીંગો બાંધવા માટે પરવાનગીની માંગ

અરવલ્લી જિલ્લા ક્રેડાઈ દ્વારા મોડાસાના ૧૫ વર્ષ જુના જીડીસીઆરને સરકાર દ્વારા રીવાઈઝ કરી આપવામાં આવેલ છે પરંતુ તેમાં વિસંગતતા રહેલી છે. તદ્‌ઉપરાંત મોડાસાની નગરપાલિકા એ ગ્રેડની લાયકાત ધરાવતી હોવા છતા બી થી ડી ગ્રેડની નગરપાલિકાઓમાં સમાવેશ કરાતા તેની સીધી અસર બિલ્ડર્સ લોકો પર પડી છે. ૭ મજલાની બિલ્ડીંગ નિર્માણની પહેલાની મંજુરી નવા જીડીસીઆરમાં ૫ મા મજલાની થઈ જતા જમીનોના અભાવે ઓછા મજલાની બિલ્ડીંગથી ગ્રાહકોને મરણતોલ ફટકો પડવાની નોબત આવતા જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી ગ્રાઉન્ડથી ઉપર ૭ મજલાથી વધુ બિલ્ડીંગો નિર્માણની મંજુરી આપવા માટે રજૂઆત કરી હતી.

મોડાસાના ૧૫ વર્ષ જુના જીડીસીઆરને સરકાર દ્વારા મે-૨૦૧૭માં રીવાઈઝ કરી આપેલ છે. પરંતુ જીડીસીઆરની વિસંગતતા રહેલી હોવાથી નગરપાલિકાનો બી થી ડી ગ્રેડમાં સામેલ કરાતા ૧ મહીના પહેલા આપેલા જીડીસીઆરમાં ભોંયતળીએ તથા ઉપરના માળના પાર્કિંગ વત્તા ૨૫ મીટર ઉંચાઈ હતી. જે ઘટાડીને કોમન જીડીસીઆરમાં પાર્કીંગ સાથે ૧૬.૫૦ મીટર કરેલ છે. એફએસઆઈ ૧.૮ =૯+૨.૭ આપી હતી તે પણ ઘટાડીને ૧.૮ કરી દેતા સીધો ૪૦ ટકા કપાત થતા મોડાસામાં ઘરોની કિંમતમાં નાગરીકોને ન પોસાય તેવો મરણતોલ વધારો થશે. મોડાસામાં બહુમાળી બિલ્ડીંગોમાં પહેલા ગ્રાઉન્ડ + ૫ મજલા સુધી સીમીત નિર્માણ કરી દેવાતા અને મોડાસામાં વસ્તી ૧ લાખ કરતા વધુ હોવાથી અને જમીનો પ્રમાણમાં ખૂબ જ ઓછી હોવાથી સરકાર દ્વારા મંજુર કરાયેલ જીડીસીઆરથી મોડાસા શહેરનો વિકાસ અટકાવાની સાથે જગ્યા ઓછી હોવાથી કિંમતો વધુ બિલ્ડર્સ દ્વારા આપવી પડવાની સાથે ૭ મજલાના બદલે ૫ મજલાનુ બાંધકામની મંજુરી હોવાથી બીલ્ડર્સ અને નાગરીકોને મોંઘા ભાવે મકાનો ખરીદવાની નોબત આવશે તેથી જિલ્લા એ.ડી. કલેકટરને આવેદન પત્ર આપી અરવલ્લી જિલ્લા ક્રેડાઈના પ્રમુખ કમલેશ પટેલ, ચેરમેન વિનોદ પટેલ, મોડાસા ક્રેડાઈ પ્રમુખ દીલીપ પટેલ, સેક્રેટરી હરેશ પટેલ સહીત ક્રેડાઈના સદસ્યો ઉપસ્થિત રહી મોડાસાના સીમીત વિસ્તારવાળી ભૌગોલિક પરિસ્થિતિને ધ્યાને લઈ મોડાસાના હાલના ૧૦ ટકા કપાત દૂર કરી લો-રાઈસ બીલ્ડીંગના બદલે હાઈરાઈસ બીલ્ડીંગના બાંધકામની મંજુરી આપવા રજૂઆત કરી હતી.



## ઈડરના નેત્રામલીમાં વરસાદના પાણીના નિકાલ માટેની કોતરમાં માટીના ઢગ

ઈડર તાલુકાના નેત્રામલી હાઈવેના સીમાડામાં આવેલી પાણીના નિકાલ માટેની મોટી કોતરમાં વહીવટીતંત્ર દ્વારા માટીના ઢગ ખડકી દેવામાં આવ્યા છે. જેના લીધે વરસાદનુ પાણી આજુબાજુના ખેતરોમાં વહી જાય ને પાકને વધારેમાં વધારે નુકશાન થાય તેવી પરિસ્થિતિ પેદા થવા પામી છે. હાઈવે ઉપર નવિન પુલના ખોદકામ સમયે નીકળેલી માટી જે તે સ્થળ ઉપર પડી રહેતા પાણી જવાનો પ્રવાહ બિલકુલ બંધ થઈ જવા પામ્યો છે કે પાણીનો પ્રવાહ બિલકુલ આગળ જઈ શકે તેમ નથી. વહીવટીતંત્રના અધિકારીઓને પુછતા કામ વર્કિંગમાં છે જે તે સમયે લઈ લેવામાં આવશે. પણ વરસાદની સ્થિતિ ક્યારે શું થાય તેની શુ ખાત્રી. આગ લાગ્યા પછી કૂવો ખોદવા જેવી પરિસ્થિતિ પેદા થવા પામી છે. વહીવટીતંત્રનું કામ ખૂબજ ખરાબ હાલતમાં છે કે ઠેર ઠેર ખાડાઓ, કપચી ઉખડી જવી, પાણીના પ્રવાહની કોતર બંધ ખેતરોમાં ધોવાણ થઈ રહ્યું છે.

# ૩૦મીએ સમસ્ત વૈષ્ણવ સમાજ જીવનસાથી પસંદગી સંમેલન

અમદાવાદ, તા. ૮

સોલા ભાગવત વિદ્યાપીઠ, લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ સીટી લીંક અને સપ્તપદી મેરેજ બ્યુરો દ્વારા માત્ર સેવાના ઉદ્દેશથી નહી નફો નુકશાનના ધોરણે સમસ્ત વૈષ્ણવ સમાજના લગ્નવાંચ્છુક યુવક-યુવતીઓ માટે અમદાવાદ શહેરના ટાઉનહોલ ખાતે ૩૦ જુલાઈ ૨૦૧૭ને રવિવારના રોજ જીવનસાથી પસંદગી મહાસંમેલનનુ આયોજન હાથ ધરવામાં આવ્યું છે. આ માટે વાલીઓ સંસ્થાના કાર્યાલય-૫૫, ગ્રાઉન્ડ ફ્લોર, અજંટા કોમર્શીયલ સેન્ટર, ઈન્કમટેક્સ, આશ્રમ રોડ ખાતે સંપર્ક કરી શકે છે.

સોલા ભાગવત વિદ્યાપીઠના મુખ્યાજી નાવીકભાઈ જોષીએ જણાવ્યું હતું કે ઠાકોરજીની સેવામાં જોડાયા હોય તેવા વૈષ્ણવ પરિવારના યુવક-યુવતીઓ માટે જીવનસાથી પસંદગી મહાસંમેલનનુ આયોજન આવકાર્ય છે. કારણ કે વૈષ્ણવ કુળમાં ઉછરેલા અને સંસ્કારિત થયેલા યુવક-યુવતીઓ આ કાર્યક્રમમાં ભાગ લઈ પોતાની જીવનના બહુમુલ્ય નિર્ણય સ્વરૂપે તેમની પસંદગીના પાત્રની પસંદગી કરી ઠાકોરજીના આશીર્વાદ પ્રાપ્ત કરશે. આ જીવનસાથી પસંદગી મેળામાં મુખ્યત્વે કરીને ગોસ્વામી બાળકો પધારીને જીવનસાથી પસંદગી મેળામાં હાજર રહેવા વૈષ્ણવ પરિવારોને વચનામૃત દ્વારા આશીર્વચન આપશે.

સપ્તપદી મેરેજ બ્યુરોના પ્રમુખ મહેન્દ્રભાઈ મોદીએ જણાવ્યુ હતુ કે અમો છેલ્લા વીસ વર્ષથી આ કાર્યમાં જોડાયેલા છીએ. અત્યાર સુધીમાં જુદા જુદા સમાજ માટે ૨૫થી વધુ જીવનસાથી સંમેલનના સફળતાપૂર્વક આયોજન કર્યા છે. ૩૦ જુલાઈ ૨૦૧૭ના રોજ પ્રથમવાર સમસ્ત વૈષ્ણવ સમાજના લગ્નવાંચ્છુક યુવક-યુવતીઓ માટે જીવનસાથી પસંદગી સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. આ જીવનસાથી સંમેલનમાં ભાગ લેવા ઈચ્છતા વૈષ્ણવ પરિવારજનો સંસ્થાના કાર્યાલય ૦૭૯-૪૦૩૨૨૭૧૯૫૨ સંપર્ક કરી શકશે. આ જીવનસાથી સંમેલનમાં ભાગ લેવા ઈચ્છતા યુવક-યુવતીઓ ૧૫ જુલાઈ ૨૦૧૭ સુધી તેમના રજીસ્ટ્રેશન કરાવી શકશે.

મહેન્દ્રભાઈ મોદીએ વધુમાં જણાવ્યું હતું કે આ સંમેલનમાં ભાગ લેનાર યુવક-યુવતીઓને માહિતી પુસ્તિકા આપવામાં આવશે. આ જીવનસાથી સંમેલનમાં ૨૫૦થી વધુ યુવક-યુવતીઓએ તેમના રજીસ્ટ્રેશન કરાવ્યા છે.

## આગામી બે દિવસમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી

અમદાવાદ,તા. ૮

ગુજરાતના જુદા જુદા ભાગોમાં આગામી બે દિવસ દરમિયાન ભારેથી અતિભારે વરસાદ પડવાની ચેતવણી જારી કરવામાં આવી છે જેના પરિણામ સ્વરુપે સંબંધિત વિભાગ સાબદુ થઈ ગયું છે. દક્ષિણ ગુજરાત સૌરાષ્ટ્રના વિવિધ ભાગોમાં છેલ્લા ઘણા દિવસથી નોંધપાત્ર વરસાદ થઈ રહ્યો છે.



## છાલા આદર્શ કન્યા શાળા ખાતે મેલેરિયા નિર્મુલન વિષય પર નિબંધ સ્પર્ધા યોજાઈ

તાલુકાના છાલા-આદર્શ કન્યા શાળા ખાતે આરોગ્ય કેન્દ્ર શાખા દ્વારા એક દિવસની કાર્યશાળા યોજાઈ હતી. મેલેરિયા નિર્મુલન વિષય અંતર્ગત નિબંધ સ્પર્ધામાં શાળાની ધો-૬, ૭, અને ૮ની વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમે પટેલ જાન્સી, દ્વિતિય ક્રમે સૈયદ રૂમાનાબાનુ, તૃતીય ક્રમે ચૌધરી હીમાંશી વિજેતા જાહેર થતાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પ્રાંતિયા દ્વારા રોકડ પુરસ્કાર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. વિજેતા તથા ભાગ લેનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહનરૂપે એમ.પી.એચ. ડબલ્યુ છાલાના પ્રફુલ ટી. પટેલ દ્વારા ઈનામ વિતરણ કરવામાં આવ્યુંહતું. વિદ્યાર્થીઓને મચ્છરની ઉત્પત્તિ, જીવનચક્ર, રોગનો ફેલાવો તેમજ મેલેરિયાની સારવાર અને અટકાયત અંગે જરુરી પગલા, વાહકજન્ય રોગો વિષે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા વિસ્તૃત માહિતી પુરી પાડવામાં આવી હતી. આ કાર્યક્રમમાં શાળાના પ્રિન્સીપાલ સુરેશભાઈ બી. ગોસ્વામી, પ્રફુલભાઈ ટી. પટેલ આરોગ્ય શાખાના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

# ધનસુરા એસટી બસસ્ટેશનમાં કેન્ટીન શરૂ કરવા માંગ

અરવલ્લી, તા. ૮

ધનસુરા તાલુકાના મુખ્યમથક ધનસુરા ખાતે લાખ્ખો રૂપિયા ખર્ચ કરી અદ્યતન બસસ્ટેશન બનાવેલ છે. આ બસ સ્ટેશનના ઉદ્‌ઘાટન માટે લાંબી રાહ જોયા બાદ કોઈ ન આવતા શરૂ કરી દેવામાં આવ્યુ છે. તમામ સુવિધાઓ ધરાવતા આ બસસ્ટેશનમાં હજુ સુધી મુસાફરો માટે કેન્ટીન શરૂ કરવામાં આવતી નથી. જાણવા મળ્યા પ્રમાણે છેલ્લા કેટલાય વર્ષથી કેન્ટીન બંધ છે. કોઈ ટેન્ડર ભરતુ ન હોવાનુ જાણવા મળેલ છે. જિલ્લા અને રાજ્ય એસ.ટી. કોર્પોરેશન ધનસુરા એસ.ટી. બસ સ્ટેશનમાં કેન્ટીન માટે સત્વરે ટેન્ડર બહાર પાડી ધનસુરાની સ્થિતિ જોઈ ભાડુ ઓછુ કરવામાં આવે તેમ લોકોનુ માનવુ છે.

### દરોડા

● અનુસંધાન પહેલાનું ચાલુ

બ્લેક મનીને વ્હાઈટ કરવાનો આરોપ છે. બેનામી સંપત્તિના મામલે મીસા ભારતીની સામે આઈટી અને ઈડીની તપાસ પહેલાથી જ ચાલી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે બેનામી સંપત્તિના મામલામાં પહેલાથી જ તપાસનો સામનો કરી રહેલા લાલુ યાદવ અને તેમના પરિવારના સભ્યોની સામે શુક્રવારના દિવસે પણ સીબીઆઈ દ્વારા ભ્રષ્ટાચારનો વધુ એક નવો કેસ દાખલ કરવામાં આવ્યો હતો. સીબીઆઈએ કેસ દાખલ કર્યા બાદ વ્યાપક દરોડા પાડ્યા હતા. નવેસરના ભ્રષ્ટાચારના હોટલ સાથે સંબંધિત કેસ મામલામાં લાલૂ અને પરિવારના અન્ય સભ્યોના ૧૨ સ્થળો ઉપર એક સાથે દરોડા પાડવામાં આવ્યા હતા. લાલુ યાદવની સામે આક્ષેપ કરવામાં આવ્યો છે કે તેઓએ રેલવે પ્રધાન તરીકેના ગાળા દરમિયાન એક ખાનગી કંપનીને ફાયદો પહોંચાડી દેવા માટેના તમામ પ્રયાસો કર્યા હતા. સીબીઆઈ દ્વારા તેમના પત્નિ રાબડી દેવી અને પુત્ર સહિત આઠ લોકોની સામે કેસ દાખલ કર્યો હતો. સીબીઆઈએ રાબડી દેવી અને પુત્ર તેજસ્વીની કાલાકો સુધી ગઈકાલે પુછપરછ પણ કરી હતી. લાલુ સાથે સંબંધિત આ સમગ્ર મામલો વર્ષ ૨૦૦૬નો છે. એ વખતે લાલુ યાદવ કેન્દ્રિય રેલવે પ્રધાન તરીકે હતા. સીબીઆઇ દ્વારા તેમની સામે રેલવે પ્રધાન તરીકે ખાનગી કંપનીને લાભ પહોંચાડી દેવાનો આક્ષેપ મુકવામાં આવ્યો છે. ગઈકાલે શુક્રવારના દિવસે સીબીઆઈની ટીમ દ્વારા દિલ્હી, ગુરૂગ્રામ, પટણા, રાંચી અને પુરીમાં એક સાથે દરોડાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ઈડીના અધિકારીઓ દ્વારા દરોડાની કાર્યવાહી દરમિયાન મીસા અને તેમના પતિની પુછપરછ કરી છે કે કેમ તે અંગે હાલમાં માહિતી મળી શકી નથી. લાલુ યાદવના પરિવારની સામે છેલ્લા બે દિવસથી કાર્યવાહી કરવામાં આવી રહી છે. આને લઈને બિહારની રાજનીતિમાં પણ રાજકીય ગરમી આવી ગઈ છે. એકબાજુ સીબીઆઈ અને બીજી બાજુ ઈડી લાલૂ પ્રસાદ યાદવ અને તેમના પરિવારના સભ્યો ચારેબાજુથી ફસાઈ ગયા છે. મિશા ભારતી ઉપર પણ સકંજો મજબૂત કરવામાં આવ્યો છે. બંનેની પુછપરછ પણ કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

### મોરપીંછના રંગ

● ૪ પાનાનું ચાલુ...

નથી. અહીં જે છે તે માત્ર એકબીજા પ્રત્યેની સંવેદના, માન સન્માન, આદરભાવ અને પ્રેમ છે. અહીં ભલે અરુ મુખીને 'દુખી મુખી' કહેતી હોય પણ મુખી દુ:ખી થાય તો એને સહેજેય ગમતું નથી. જ્યારે મુખી પોતે દુ:ખી થઈને ય અરુને ખુશ રાખવા સતત પ્રયત્નો કરે છે. દુનિયાની નજરે બન્ને પતિ પત્ની હોવા છતાય પતિ પત્નીનો સંબંધ નથી જીવતા. કેમ કે મુખી અને અરુ હજીયે એકબીજાને પતિ પત્ની તરીકે નથી સ્વીકારી શક્યા. વળી લગ્ન અગાઉ એક સમજુતિ થયેલી છે. લગ્ન માત્ર આબરું સાચવવા થયા છે. પણ પરિસ્થિતિ બન્નેને એક એવા તાંતણે ધીમે ધીમે બાંધી રહી છે કે તેમને ખુદને પણ ખબર પડતી નથી. બન્ને વચ્ચે જે સ્નેહના ધાગા વણાઈ રહ્યા છે તે એકદમ સૂક્ષ્મ છે. જે સ્નેહના ધાગાઓને આપણે સહેજમાં તોડી નાખીયે છીએ એવા સ્નેહના સાવ ઝીણા ઝીણા ધાગા અહીં આ બન્નેની વચ્ચે કંઈક ગૂંથી રહ્યા છે.

આ અંબોલા ગામ એવું છે કે અહીં આજસુધી શહેરની કોઈ હવા પ્રવેશી શકી નથી. પણ મુખીની પત્ની તરીકે અરુ "મુખીયાણી" ૨૧ વર્ષની ચંચળ છોકરીની ભૂમિકા અને અસત્ય સામે લડવાની હિંમત એ આજની યુવા પેઢી માટે પ્રેરણાદાયી છે. પોતાનાથી ૨૧ વર્ષ મોટા પતિની પ્રતિષ્ઠા અને તેમના આદર્શોને જાળવીને તેમની આસપાસ રહેલા અનેક અસત્યોની સામે અરુ એકલી કંઈ રીતે લડે છે ? એનું હવે શું થશે ? એને શહેર જવાના છેલ્લા છ દિવસો બાકી છે. પછી મૂખીનું, અરુનું શું થશે ? આવા બધા સંવેદનાત્મક પ્રશ્નો આપણા માનસમાં હાલ છે.

અરુના રોલમાં નિયતિ ફતાની, મુખીના પાત્રમાં ઈઝાઝ ખાન, જ્યારે રામીબેનના પાત્રમાં અનન્યા કરે પણ સક્ષમ પાત્ર ભજવી રહ્યા છે. ટાઈટલ સોંગ એકદમ કર્ણપ્રિય અને ક્લાસિક છે. સ્ત્રી પુરુષ બન્ને અવાજમાં ગવાયેલું આ ગીત ખુબ જ લોકપ્રિય નીવડ્યું છે. ઉત્તમ દિગ્દર્શનને કારણે આખી સિરીયલ એક ઉંચાઈ ધારણ કરે છે. અન્ય પાત્રો પણ પોતાને ભાગે આવતું કામ નિષ્ઠાથી કરતા જોઈ શકાય છે.

- 9426060601.india@gmail.com

### રઝળપાટ

● ૪ પાનાનું ચાલુ...

શકેલા આશિક માટે જમાલ અહેસાની લખે છે કે 'ઉસને બારીસમેં ભી ખિડકી ખોલ કે દેખા નહિ, ભીગને વાલોકો કલ ક્યા ક્યા પરેશાની હુઈ ...' કવિ આદીલ મન્સૂરી વરસાદી એકલતાને આમ વર્ણવે છે 'કોઈ આવે છે ન કોઈ જાય છે સંધ્યા થતાં, કેટલી સૂની પડી ગઈ છે ગલી વરસાદમાં '... એકલતા ને ઉપરથી ઝરમર વરસાદ ...પ્રિયજન વગરના માટે આથી ઘાતક બીજું શું હોય શકે? નાઝીર કૈસરનો આ શેર વરસાદી સાંજની એકલતાને બખૂબી ઉજાગર કરે છે 'બરસ રહી થી બારીસ બહાર, ઔર વો ભીગ રહા થા મુજમે'

વિસામો :

'કેટલી માદકતા સંતાઈ હતી વરસાદમાં! મસ્ત થઈ સૃષ્ટિ બધી ઝૂમી ઊઠી વરસાદમાં! ...રેઈનકોટ, છત્રીઓ, ગમ શૂઝ, વોટરપ્રૂફ હેટ્સ, માનવીએ કેટલી ભીંતો ચણી વરસાદમાં !'

- (આદીલ મન્સૂરી)

### લઘુનવલ

● ૪ પાનાનું ચાલુ...

તેને ખૂબ પ્રેમ આપતા હતા. આજે તેને ખરેખર પસ્તાવો થયો. આટલા વર્ષોમાં કંઈ કેટલીવાર એને આ વિચાર સતાવતો હતો એ પણ પોતાના માટે નહિ, પોતાની દીકરીઓ માટે પણ એને વિશ્વાસ હતો પોતાની દીકરીઓ પણ, પોતાના ઉછેર પર, પોતે આપેલા સંસ્કાર પર અને એમને ભણાવીને અપાયેલો ઉચ્ચ હોદ્દા પર કે મારી દીકરીઓને પણ એક નહીં બબ્બે ઘર પોતાના હશે. અને નસીબ સારું હશે. કમાણી સારી હશે તો નેમપ્લેટવાળું ઘર પણ હશે.

દીકરીઓએ સમજવાનું છે તો ફક્ત એટલું જ કે માતા-પિતા સાથે તો માત્ર ૨૦ - ૨૫ કે ૩૦ વર્ષ રહેવાનું છે. પરંતુ પિયુ સાથે તો અંતિમ શ્વાસ સુધી રહેવાનું છે. માટે જેટલો પ્રેમ પિયરમાં પોતાના માતાપિતાને કે ભાઈભાંડુને આપ્યો છે એટલો જ પતિના માતાપિતા અને ભાઈબહેન ને આપશે તો પોતે પણ એટલો જ પ્રેમ પામશે. અને મા-બાપનું નામ પણ રોશન કરશે. કારણ કે દીકરી જ વહુ બનીને જતી હોય છે. અર્થાત્ વહુ પણ કોઈની દીકરી હોય છે. એટલે સાસરીયા અને પતિની ફરજ પર થઈ પડે છે. જે સ્ત્રી પોતાનું સર્વસ્વ છોડીને તમારા ભરોસે પોતાનું જીવન તમને સમર્પિત કરે છે અને સમ્માન, પ્રેમ આપે! પિયરમાં તો દીકરીનો જન્મથી છેલ્લા શ્વાસ સુધી અબાધ્ય હક્ક હોય છે જ. પણ દીકરીને કયારેય એ હક્ક જતાવતી નથી.

જો બેઉ પક્ષ સમજીને ચાલશે તો કોઈ પણ દીકરીને આ પ્રશ્ન કયારેક નહિ સતાવે કે દીકરીનું સાચું ઘર કયું?